| PUBLICATION NAME : | Divya Bhaskar (City Bhaskar) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 30/04/2023 |
| PAGE : | 3 |

# 31 ઈન્સ્ટિ.ના સ્ટુડન્ટ્સે 170 આઈડિયા આપ્યા



**ગાંધીનગરઃ** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ખાતે સસ્ટેનેબિલિટી હેકાથોન ચેલેન્જ–ગ્રાન્ડ ફિનાલે શરૂ થઈ છે. જેમાં 31 ઈન્સ્ટિટ્યૂટ્સના 170 સ્ટુડન્ટ્સે આઈડિયા રજૂ કર્યા. આ વિશે વાત કરતા એસ બી ડાંગાયચે કહ્યું હતું કે, ભારતને વિશ્વના ટોપ સ્ટાર્ટ-અપ હબ ગણવામાં આવે છે અને આંત્રપ્રિન્યોરશિપના માહોલને મજબૂત કરવા માટે સરકાર અન્ય સંસ્થાઓ સાથે મળીને સ્ટાર્ટઅપ્સમાં રોકાણો વધારી રહી છે. ભારત મજબૂત વ્યાપારી મૂલ્યો ધરાવે છે એટલે યુવાનોને તેમની આંત્રપ્રિન્યોર તરીકેની સફર માટે પ્રેરણા આપું છું. તેમજ હેકાથોનમાં આઈડિયામાંથી છેલ્લે 24ને પસંદ કરવામાં આવશે. તેમને ફંડ અને એન્જલ ઈન્વેસ્ટમેન્ટ જેવા સપોર્ટ અપાશે.